ગાંધીનગર સમાચાર

### બાયડ સીપીઆઈના પુત્રના હાથમાં આકસ્મિક રીતે

# રીવોલ્વર હાથમાં આવી જતા ટ્રીગર દબાવાથી ગોળી વાગતા મોત

## અરવલ્લી જિલ્લા પોલીસતંત્રમાં શોકની લાગણી

બાયડ, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના બાયડમાં સીપીઆઈ તરીકે ફરજ બજાવતા અને મોડાસાના માલપુર રોડ પર રહેતા પંકજભાઈ દરજીની સર્વિસ રીવોલ્વર તેમના ૯ વર્ષના પુત્રના હાથમાં આવી જતા ભુલથી ટ્રીગર દબાઈ જતા રીવોલ્વરમાંથી છૂટેલી ગોળી પુત્રના પેટમાં ઘુસી ગઈ હતી. ફાયરીંગના અવાજથી ઉંઘમાંથી જાગી ગયેલા સીપીઆઈ તેમના પુત્રને તાબડતોબ મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા. પરંતુ તબીબોની સારવાર કારગત નીવડે તે પહેલા પુત્રનુ મોત નિપજતા સીપીઆઈના પરિવાર આઘાતમાં સરી પડ્યો હતો. સમગ્ર અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર બેડામાં શોકની લાગણી ફેલાઈ હતી. મોડાસા ટાઉન પોલીસે મીસ ફાયરીંગની ઘટના અંગે જાહેરાત કરનારના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.





બાયડ તાલુકામાં સીપીઆઈ તરીકે ફરજ બજાવતા અને મોડાસાના માલપુર રોડ પર આવેલા પાર્થ ડુપ્લેક્સમાં રહેતા પંકજકુમાર ધુળાભાઈ દરજી (ઉં.વ. ૩૯) ગત રાત્રીએ નોકરી પરથી રાત્રે ઘરે આવી તેમની સર્વિસ રીવોલ્વર કબાટમાં મુકી ઉંઘી ગયા હતા. ગુરૂવારે તેમનો પુત્ર ભવ્ય (ઉં.વ. ૯) બેઠક રૂમમાં આવેલા ડ્રોવરમાં ચોપડીઓ શોધતા-શોધતા તેના પિતાની સર્વિસ રીવોલ્વર હાથમાં આવી જતા આકસ્મિક રીતે રીવોલ્વરનુ ટ્રીગર દબી જતા લોડેડ રીવોલ્વરમાંથી ધડાકાભેર છુટેલી ગોળી ભવ્યના પેટના ભાગે ઘુસી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા લોહીલુહાણ હાલતમાં ફસડાઈ પડ્યો હતો. ફાયરીંગનો અવાજ સાંભળતા સીપીઆઈ અને તેમના પત્ની બેઠકરૂમમાં દોડી આવ્યા હતા અને તેમના પુત્રના પેટના ભાગે ગોળી વાગેલી જોતા તાત્કાલિક સારવાર અર્થે મોડાસાની મોડાસા સર્જીકલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન મોત નિપજતા દરજી પરિવાર અને તેની બે બહેનો આઘાતમાં સરી પડી હતી. પાર્થ ડુપ્લેક્ષના રહીશો ભવ્યના આકસ્મીક ગોળીબારમાં મોત નિપજતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને સીપીઆઈ દરજી અને તેમના પરિવારને સતત સાંત્વના આપતા નજરે પડતા હતા. આકસ્મીક ફાયરીંગ બાદ ભવ્ય દરજીના મૃતદેહને મોડાસા ટાઉન પોલીસે પોસમોર્ટમ માટે ખસેડી જાહેરાત આપનાર પંકજભાઈ ધુળાભાઈ દરજી (રહે. મોડાસા, બાયડ સીપીઆઈ)ની જાહેરાતના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. માસુમ ભવ્યનુ આકસ્મીક મોત નિપજતા સીપીઆઈના માદરે વતન વિજયનગર અને સમગ્ર પોલીસંતંત્રમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી.



# વડાપ્રધાનનું અમદાવાદ એરપોર્ટ ખાતે ઉમળકાભેર સ્વાગત

દેશના પ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી પહોંચતા અમદાવાદ એરપોર્ટ સભા મંડપમાં ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી એરપોર્ટ સભાસ્થળે પ્રવેશતા જનમેદની દ્વારા નર્મદે સર્વ દેના નારા સાથે સભા ગજવી દીધી હતી.આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે આજે નમો નર્મદા સુખી સર્વદા સુત્ર સાર્થક થઈ રહ્યું છે. ગુજરાતની વિકાસ યાત્રામાં પાણીનો પ્રશ્ન પડકારૂપ રહ્યો છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે ગુજરાતે પાણીનું મહત્વ સમજ્યું છે. ગુજરાતની તમામ સરકારોએ નર્મદા બાબતે ચિંતા અને પ્રયત્નો કર્યા છે તેમ જણાવી પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે નર્મદા એ ગુજરાતની મોટી સિદ્ધિ છે. પરંતુ નર્મદા પછી સિદ્ધિથી સમૃદ્ધિ તરફની યાત્રાનો દશકો શરૂ થવાનો છે. ગુજરાતમાં આવનાર દશકો વિકાસની નવી ઉંચાઈએ લઈ જશે એ દેશના તમામ અર્થશાસ્ત્રીઓ માટે નવતર વિષય બનવાનો છે તેમ જણાવ્યું હતું. પ્રધાનમંત્રીનું નર્મદા યોજનાનો મોમેન્ટો અને ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી સહિત મંત્રીમંડળના સભ્યો, પદાધિકારીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મજરા ગામે ઝેરી વનસ્પતિ ખાઈ જતાં ૧૧ પશુઓના મોત

## અન્ય ૧૪થી વધુ પશુ હાલ સારવાર હેઠળ : સાત ભેંસો અને ચાર ગાયના ઝેરી વનસ્પતિ ખાતા મોત : કુલ છ લાખથી વધુ કિંમતના પશુ ઝેરી વનસ્પતિ ખાતાં મોત

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના મજરા ખાતે ઝેરી વનસ્પતિ ખાતાં અગિયાર પશુઓનું મોત તથા ૧૪ થી વધુ પશુઓ હાલ સારવાર હેઠળ છે.



મજરા ખાતે રહેતાં રબારી સમાજનાં પરિવારો દ્વારા નિયત મુજબ પોતાનાં પશુઓને ગામની સીમમાં ચરાવવા લઈ ગયાં હતાં અને સાંજે ઘરે પરત લાવ્યાં હતા જયારે ઘરે આવ્યાં પછી વાડામાં ખીલે બાંધેલ પશુઓને એક પછી એક ને ઝેરની અસર થતા નીચે પડતાં અને મોઢામાંથી ફીણ નિકળતાં મોતને ભેટયા હતાં.

જયારે આ અંગેની જાણ પશુ માલિકો ને થતાં તેવોએ તાત્કાલિક પશુ ડૉકટરો નો સંપર્ક કર્યો હતો અને પ્રાંતિજ પશુ ડૉકટરો ની ટીમ તથા સાબરડેરીના ડૉકટરોની ટીમ મજરા ખાતે દોડી આવી પશુઓને સારવાર આપી હતી. જયારે ડૉકટર દ્વારા પ્રાથમિક તપાસમાં કોઈ ઝેરી વનસ્પતિ ખાતાં મોત નિપજયું હોવાનું જણાવ્યું હતું. જયારે સારવાર મળે તે પહેલાં સાત ભેંસો અને ચાર ગાયોનું મોત નિપજયું હતું અને સારવાર દરમ્યાન વધુ એક ગાયનું મોત નિપજયું હતું જયારે અન્ય ૧૪થી પણ વધારે પશુઓને સાબરડેરીના ડૉકટર તથા પ્રાંતિજ પશુ દવાખાનાની ટીમ દ્વારા સારવાર આપવામાં આવી હતી.

જયારે પ્રાંતિજ મામલતદાર ડી.એલ. રાઠોડ, તાલુકા વિકાસ અધિકારી જે.એચ. કાપડીયા સહિત અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યાં હતાં જયારે રબારી સમાજના ઈશ્વરભાઈ મહાદેવભાઈ દેસાઈ, કનુભાઈ માવજીભાઈ દેસાઈ અને મહાદેવભાઈ ભગવાનભાઈ દેસાઈ ત્રણેય પરિવારોનુ ગુજરાન ચાલતા પશુઓનું અચાનક મોત નિપજતા આ પરિવારો ઉપર આભ ફાટયું હતું છે ત્યારે સરકાર દ્વારા આ પિડીત પરિવારોને સહાય મળે તેવું હાલ તો ગામજનો જણાવી રહ્યાં છે.

# ભાભર તાલુકાના ઢેંકવાડી ગામે વીજળી પડતા પિતા-પુત્રનું મોત

કાંકરેજ, તા. ૨૯

બનાસકાંઠા-ભાભર તાલુકાના ઢેંકવાડી ગામની ઘટના દિલને હચમચાવી દે તેવી છે. જ્યાં પિતા-પુત્ર પોતાના ઢોર ખેતરોમાં ખરાબામાં ચરાવવા ગયા હોય અને કુદરતી કહેર ઉતરે તેવી રીતે ધીમી ધારે મેઘ મહેર ચાલુ હતી. માલધારી પોતાની ગાયો લઈને ચારો ચરાવવા માટે પોતાના જીવન નિર્વાહ કરવા માટે નિકળ્યા હતા. ત્યાં આકાશમાંથી કડાકા ભડાકા સાથે વીજળી ત્રાટકતા બન્ને પિતા પુત્ર બળીને ખાખ થઈ જવા પામ્યા હતા. જે સમાચાર ગામમાં વાયુવેગે પ્રસરતા લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા અને તંત્રને જાણ કરી હતી. જ્યાં મામલતદાર અને ટીડીઓ ચૌહાણ તાત્કાલિક સ્થળ ઉપર આવી મૃતકોના પરિવારને સાંત્વના આપી કાર્યવાહિ હાથ ધરી હતી. મૃતક રબારી વાઘાભાઈ રાજાભાઈ ઉં.વ. ૬૫, અરજણભાઈ વાઘાભાઈ ઉં.વ. ૨૫ નુ કમકમાટીભર્યુ મોત થવા પામ્યુ હતુ. જ્યાં ભાભર મામલતદાર વી.ડી. પુજારી અને ટીડીઓ એમ.એન. ચૌહાણ સ્ટાફ સાથે ઘટનાસ્થળ ઉપર આપી કાર્યવાહિ હાથ ધરી હતી. જો કે ઢેંકવાડી ગામમાં આ ઘટનાથી ભારે શોક છવાયો હતો અને મૃતકના પરિવાર ઉપર આભ ફાટ્યુ હતુ.





સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર પંચાલ યુવક મંડળ,હિંમતનગર ધ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન અને ઈનામ વિતરણ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. ધોરણ.૧૦ પરીક્ષામાં સમગ્ર શાળામાં ૯૮ ટકા મેળવી પ્રથમ આવનાર ધ્રૃવી રાકેશભાઈ પંચાલનું સન્માન કરાતાં આનંદની લાગણી પ્રસરી હતી.

# કાંકરેજ તાલુકામાં સાર્વત્રિક વરસાદ

## શિહોરી, આકોલી, માનપુર, થરા, કંબોઈ, ઉંબરી, તેરવાડા સહિતના ગામોમાં મુશળધાર વરસાદ : ખેતરોમાં પાણી : રસ્તામાં પાણી-પાણી

કાંકરેજ, તા. ૨૯

બનાસકાંઠા જિલ્લામાં કાંકરેજ તાલુકામાં સાર્વત્રીક વરસાદ થતાં લોકોને ગરમીમાંથી રાહત મળી છે. પરંતુ ખેડૂતોને ખેતરમાં ઉભેલા પાકો



બાજરી, જુવાર, કપાસ જેવા પાકોને નુકશાનની ભીતી સેવાઈ રહી છે. એક બાજુ કાચા રસ્તાઓ પાણીથી ઉભરાવા લાગ્યા છે અને ખેતરોમાં પાણી ભરાઈ જવાથી કપાસને નુકશાન થાય તેવા દશ્યો સર્જાયા છે. ત્યારે કાંકરેજ તાલુકાના અધિકારીઓ દ્વારા મોનસુન સત્ર શરૂ થઈ ગયુ ત્યારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ તરફથી હજુ સુધી કોઈ પણ પ્રકારની તૈયારીઓ કરવામાં આવી નથી. જો કે કાંકરેજ મામલતદાર આર.ટી. કટારાને ગયા વર્ષે પણ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિશે વાત કરવામાં આવી હતી અને તેમાં પણ તંત્ર નિષ્ફળ નિવડ્યુ હતુ અને કાંકરેજના શિહોરી અને ટોટાણા સહિત બીજા અન્ય ગામોમાં લોકોએ જીવ ગુમાવ્યા હતા. પૂર આવે ત્યારે તેને પહોંચી વળવા પુરતી સાધન સામગ્રી તેમજ એનડીઆરએફની ટીમની કોઈજ વ્યવસ્થા કાંકરેજ મામલતદાર દ્વારા કરવામાં આવતી નથી અને જો કરવામાં આવે તો માણસ જ્યારે પોતાનો જીવ ગુમાવી બેસે ત્યારે ટીમ બોલાવાય છે. આમ મામલતદાર આર.ટી. કટારા વારંવાર ભૂલો કરી તંત્રની પોલ જાતેજ ખુલ્લી કરે છે અને દોષ મિડીયાને આપે છે. ત્યારે જિલ્લા તંત્ર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની કાંકરેજમાં રસ દાખવી પુરતી સાધન સામગ્રી અને ટીમની વ્યવસ્થા ઉભી કરે તેવી લોક લાગણી સાથે માંગ ઉઠવા પામી છે.

# ડીસા ભોપાનગર નજીક બસની ટક્કરે અકસ્માતમાં બે ના મોત

ડીસા, તા. ૨૯

ડીસા શહેરમાં એક કમકમાટીભરી ઘટના સામે આવી છે. ડીસા શહેરના રેલવે સ્ટેશન ચાર રસ્તા નજીક એસ.ટી. નિગમની પ્રવેશે તે પહેલા રેલવે સ્ટેશન ચાર રસ્તા નજીકથી વળાંક લઈ રહી હતી. તે દરમ્યાન પાટણ તરફથી આવી રહેલા સરણીયા જ્ઞાતિના બે યુવકો બાઈક પર સવાર હતા અને બસની અને અકસ્માતમાં મોતને ભેટેલા બંને યુવકો જુના ડીસાના હોવાનું જાણવા મળતા યુવકના પરિવારજનો પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બંને




બસના પાછળના ટાયર નીચે આવી જતા બાઈક પર સવાર બે યુવકોના કરુણ મોત નિપજયા છે. આ ઘટનાને પગલે ઘટના સ્થળ પર લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

પાટણથી ડીસા તરફ આવી રહેલી એસ.ટી.નિગમની બસ આજે બપોરના સમયે ડીસા શહેરમાં ઓવર ટેક કરવા જતાં યુવકો બાઈક સાથે બસના પાછળના ટાયર નીચે આવી ગયા હતા. જેના લીધે બંને યુવકોના માથા છૂંદાઈ જતા તેમના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા.

આ ઘટના બનતા ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડતા હતા. યુવકોના મોત થતા તેમના પરિવાર જનો આઘાતમાં ડૂબી ગયા હતા અને ઘટનાસ્થળે રોકકળ મચી ગઈ હતી. ત્યારબાદ ડીસા શહેર દક્ષિણ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકોના મૃતદેહને ડીસાની સિવિલ હોસ્પિટલ પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડી ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

## આજે ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં રક્તદાન કેમ્પ

ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં રક્તદાન કેમ્પ યોજાશે.ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં તા.૨૯/૬/૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧ વાગ્યા દરમ્યાન રક્તદાન કેમ્પ યોજાશે.

## મોડાસામાં બોલુ દ્વારા કૃષ્ણશ્રમ વૈદિક પાઠશાળાના ઋષિકુમારો દ્વારા સાંસ્કૃતિક રેલી યોજાઈ

મોડાસા, તા.૨૯

અરવલ્લી જિલ્લામાં ૩૦મી જૂને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમનની પૂર્વે આજરોજ મોડાસામાં બોલુંદરા શ્રી કૃષ્ણશ્રમ વૈદિક પાઠશાળાના ઋષિકુમારો દ્વારા એક સાંસ્કૃતિક રેલી યોજવામાં આવી હતી.

જેમાં ઋષિકુમારોએ સંસ્કૃતની મહત્તા દર્શાવતા બેનરો સાથે યોજેલી રેલીમાં તા.૩૦મીએ સૌને વડાપ્રધાનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ખાસ નિમંત્રણ અપાયું હતું.

સંસ્કૃત ભાષા દેવ ભાષા સહિતના સંસ્કૃત ભાષા પ્રત્યે આદર દર્શાવતા અનેક લખાણો સાથેના પ્લે બોર્ડ હાથમાં રાખી આ વૈદિકપાઠશાળાના ઋષિકુમારોની રેલી આકર્ષણ રૂપ બની હતી. બોલુંદરા શ્રીકૃષ્ણશ્રમમાં અગ્નિહોત્રી પૂ. શુકદેવપ્રસાદ વ્યાસ તેમજ અગ્નિહોત્રી આત્રેયભાઈ વ્યાસના સાન્નિધ્યે ચાલતી આ પાઠશાળા બેઉ જિલ્લામાં એકમાત્ર સંસ્કૃત વૈદિક પાઠશાળા છે જે આ વિસ્તારનું ગૌરવ છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર-નારસોલી ગામની નારણપુર-નારસોલી પ્રાથમીક શાળામાં શ્રી એકલિંગજી ટ્રસ્ટ,નારસોલી અને સ્વજન પરીવાર ટ્રસ્ટ, મુંબઈ ધ્વારા વિદ્યાર્થીઓને નોટબુક, પેન્સિલ, બોલપેન, કંપાસ, સંચો, રબ્બર, કલર બોક્સ અને સ્કુલ કિટનું વિતરણ કરાતાં વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. શ્રી એકલિંગજી નારસોલી ઉપપ્રમુખ પી.એમ.પંડ્યા, નારણપુર-નારસોલી પ્રાથમીક શાળા આચાર્ય ડાહીબેન કટારા,સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યા હતા.

